Extra No. 277

© सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] FRIDAY, SEPTEMBER 26, 2025 / ASVINA 4, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-હિંમતનગર-યુનીટ-૧-૨૦૨૫.

હિંમતનગર નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની વારાફરતી ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની (જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ-૬ની પેટા કલમ ૪થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ-૬ની, પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજ્ય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેડમેન્ટ) એક્ટ, ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરવામાં આવેલ છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નક્કી કરવામાં આવેલ છે. રાજ્ય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૫માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ ૬(૩) ના પેટા ખંડ (ગ) મુજબ બેઠકોની કુલ સંખ્યાના ૨૭ ટકા સુધીની મર્યાદામાં બેઠકો પછાત વર્ગ માટે અનામત રાખવાની છે. આ અંગે ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (ગુજરાત-૧૭ ઓફ ૨૦૨૩), તા.૨૯/૦૯/૨૦૨૩થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પછાતવર્ગોની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી ૨૭ ટકા સુધીની બેઠકો પછાતવર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે.આ અંગે વોર્ડની સંખ્યા તથા બેઠકો (અનામત બેઠકો સહિત)ના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા જાહેરનામાં બહાર પાડવામાં આવેલ છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭ તથા કલમ ૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: KV/179 of 2024/UDUHD/mwd/e-file/18/2024/3057/M, તા.૧૭/૦૮/૨૦૨૪થી જેનો હવે પછી જાહેરનામાં તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, **હિંમતનગર** શહેરની નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૧૧ની વસ્તીગણતરીના આંકડાના આધારે હિંમતનગર નગરપાલિકાને ૧૧ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ ૪૪ બેઠકો નક્કી કરેલ છે. વિભાગે જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૩. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: KV/179 of 2024/UDUHD/mwd/e-file/18/2024/3057/M, તા.૧૭/૦૮/૨૦૨૪થી અધિનિયમની કલમ-૨૭૭ની પેટા કલમ-૨ તથા કલમ-૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪, અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૫ કે જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૪. નિયમોના નિયમ-૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યત: વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી. આમ છતાં રાજ્ય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજૂથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ %ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

૫. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૧૧ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૧૦૨૨૫૧ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૧૧ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૯૨૯૫ની થાય છે.

૬. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારીઓ/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે વોર્ડ નં. ૧, ૩, ૭ અને ૧૧ સિવાય કોઈપણ વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦ % વસ્તીના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૭. શહેરના ૧૧ વોર્ડોનું નિયમ-૩ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ-૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૮. નિયમોના નિયમ (સુધારા)-૪ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સીલર ચૂંટવાના છે તેમજ નિયમોના (સુધારા) નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામાં મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૯. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોનાં ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારીત કરવાનું થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો-૧૯૯૪ના નિયમ-૬ (ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસ્તીની સૌથી ઉચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નક્કી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા, છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૦. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૪ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. અને ૪ બેઠકો પૈકી ૨ બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે.

૧૧. સને ૨૦૧૧ની વસ્તી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ૧૧ સૂચિત વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસૂચિત જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત જાતિની વસ્તીની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૬	૯૧૧૩	૧૯૦૩	૨૦.૮૮

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસૂચિત જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત જાતિની વસ્તીની ટકાવારી
૨	૫	૧૦૧૦૫	૧૯૨૦	૧૯.૦૦
૩	૧	૧૦૪૯૨	૧૩૦૩	૧૨.૪૨
૪	૪	૯૭૧૨	૮૬૨	૮.૮૮
૫	૭	૮૨૯૪	૭૧૪	૮.૬૧
૬	૩	૧૦૪૯૩	૫૦૩	૪.૭૯
૭	૮	૮૭૨૧	૧૪૯	૧.૭૧
૮	૨	૧૦૦૮૨	૧૧૮	૧.૧૭
૯	૧૧	૮૨૭૬	૪૨	૦.૫૧
૧૦	૧૦	૮૫૬૦	૨૬	૦.૩૦
૧૧	૯	૮૪૦૩	૨	૦.૦૨
કુલ		**૧૦૨૨૫૧**	**૭૫૪૨**	

૧૨. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૬, ૫, ૧ તથા ૪ માં નિયમોના નિયમ-૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૩. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યત: આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા શક્ય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યાના ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજ્ય ચૂંટણી આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતા વોર્ડ નં. ૫ અને ૪ માં અનુસૂચિત જાતિ સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની બેઠક (આ વર્ગની સ્ત્રી બેઠક સહિત) વોર્ડ નં. ૬, ૫, ૧ તથા ૪ માં નિયમોના નિયમ-૬(ક) હેઠળ આ વર્ગની બેઠકોની ફાળવણી નીચે પ્રમાણે કરવાની થાય છે.

વોર્ડ નંબર	બેઠક
૬	અનુસૂચિત જાતિ
૫	અનુસૂચિત જાતિ સ્ત્રી
૧	અનુસૂચિત જાતિ
૪	અનુસૂચિત જાતિ સ્ત્રી

૧૫. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૨ બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે અને ૨ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત આદિજાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે.

૧૬. સને.૨૦૧૧ની વસ્તી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસૂચિત આદિજાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત આદિજાતિની વસ્તીની ટકાવારી
૧	**૨**	**૩**	**૪**	**૫**
૧	૫	૧૦૧૦૫	૧૧૯૦	૧૧.૭૮
૨	૧	૧૦૪૯૨	૯૪૦	૮.૯૬
૩	૬	૯૧૧૩	૭૬૯	૮.૪૪
૪	૧૧	૮૨૭૬	૪૧૬	૫.૦૩

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસૂચિત આદિજાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત આદિજાતિની વસ્તીની ટકાવારી
૫	૪	૯૭૧૨	૪૮૪	૪.૯૮
૬	૩	૧૦૪૯૩	૩૬૦	૩.૪૩
૭	૭	૮૨૯૪	૨૭૩	૩.૨૯
૮	૨	૧૦૦૮૨	૨૪૨	૨.૪૦
૯	૧૦	૮૫૬૦	૧૬૪	૧.૯૨
૧૦	૮	૮૭૨૧	૧૨૬	૧.૪૪
૧૧	૯	૮૪૦૩	૬૨	૦.૭૪
કુલ		**૧૦૨૨૫૧**	**૫૦૨૬**	

૧૭. આમ, અનુસૂચિત આદિજાતિની વસ્તીની ઉંચી ટકાવારી ક્રમ મુજબ વોર્ડ નં. ૫ અને ૧ માં આવતી હોઈ અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમ-૬(ક) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અનુસૂચિત આદિજાતિ સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યત: આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યાના ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં આ વર્ગની સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજ્ય ચૂંટણી આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં. ૧ માં અનુસૂચિત આદિજાતિ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય છે.

૧૮. અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નંબર ૫ અને ૬ માં નિયમોના નિયમ-૬ અન્વયે નીચે પ્રમાણે ફાળવણી કરવા થાય છે.

વોર્ડ નંબર	બેઠક
૫	અનુસૂચિત આદિજાતિ
૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી

૧૯. જાહેરનામા અન્વયે ૧૨ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૬ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારીત થયેલ છે.

વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ-૬(ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેક્ટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

૨૦. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૧૨ બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. અને ૧૨ બેઠકો પૈકી ૬ પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. **હિંમતનગર નગરપાલિકા**ના સૂચિત ૧૧ વોર્ડોની વસ્તી પછાતવર્ગની અંદાજીત વસ્તી અને તેની ટકાવારી ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પછાતવર્ગની કુલ અંદાજીત વસ્તી	વોર્ડની વસ્તી સામે પછાતવર્ગની વસ્તીની ટકાવારી
૧	**૨**	**૩**	**૪**	**૫**
૧	૧	૧૦૪૯૨	૭૦૪૭	૬૭.૧૭
૨	૨	૧૦૦૮૨	૫૪૮૭	૫૪.૪૨
૩	૩	૧૦૪૯૩	૪૭૭૧	૪૫.૪૭
૪	૬	૯૧૧૩	૩૪૭૮	૩૮.૧૭

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પછાતવર્ગની કુલ અંદાજીત વસ્તી	વોર્ડની વસ્તી સામે પછાતવર્ગની વસ્તીની ટકાવારી
૫	૪	૯૭૧૨	૩૬૮૦	૩૭.૮૯
૬	૭	૮૨૯૪	૨૯૯૦	૩૬.૦૫
૭	૫	૧૦૧૦૫	૩૬૩૫	૩૫.૯૭
૮	૮	૮૭૨૧	૨૭૨૦	૩૧.૧૯
૯	૧૦	૮૫૬૦	૧૯૯૭	૨૩.૩૩
૧૦	૧૧	૮૨૭૬	૯૪૨	૧૧.૩૮
૧૧	૯	૮૪૦૩	૫૫૦	૬.૫૫
કુલ		**૧૦૨૨૫૧**	**૩૯૨૯૭**	

૨૧. પછાતવર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં. ૧, ૨, ૩, ૬, ૪, ૭, ૫, ૮, ૧૦, ૧૧ અને ૯ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી બીજા ક્રમે વોર્ડ નં. ૨, ૬, ૭, ૮, ૧૧ અને ૧ માં પછાતવર્ગ સ્ત્રીની અને વોર્ડ નં. ૧, ૩, ૪, ૫, ૧૦ અને ૯ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય.

વોર્ડ નંબર	બેઠક
૧	પછાતવર્ગ
૨	પછાતવર્ગ સ્ત્રી
૩	પછાતવર્ગ
૬	પછાતવર્ગ સ્ત્રી
૪	પછાતવર્ગ
૭	પછાતવર્ગ સ્ત્રી
૫	પછાતવર્ગ
૮	પછાતવર્ગ સ્ત્રી
૧૦	પછાતવર્ગ
૧૧	પછાતવર્ગ સ્ત્રી
૯	પછાતવર્ગ
૧	પછાતવર્ગ સ્ત્રી

૨૨. ભારતના બંધારણના અનુચ્છેદ-૨૪૩-વક, ગુજરાત નગરપાલિકા અધિનિયમ- ૧૯૬૩, તથા તે હેઠળ બનેલા નિયમો તથા શહેરી વિકાસ વિભાગના તા.૨૧-૦૬-૨૦૨૫ના જાહેરનામામાં કરેલ જોગવાઈઓનો અમલ કરવા માટે રાજ્ય ચૂંટણી આયોગને મળેલ સત્તાની રૂએ નગરપાલિકાઓની આગામી સામાન્ય ચૂંટણી માટે નગરપાલિકાઓના વોર્ડોમાં બેઠકોની વારાફરતી ફાળવણી કરવા નીચે મુજબના માર્ગદર્શક સિદ્ધાંતો/માપદંડ નક્કી કરવા રાજ્ય ચૂંટણી આયોગે તા.૦૯/૦૯/૨૫થી આદેશ કરવામાં આવેલ છે.

(ક) જે નગરપાલિકાઓ માટે કેટલાક ઉમેરાયેલા વિસ્તારો બાદ ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે વોર્ડ સીમાંકન (અનામત બેઠકોની ફાળવણી સહિત) કરવાનું છે તેવી નગરપાલિકાઓમાં અગાઉની સામાન્ય ચૂંટણી વખતે કરેલ વોર્ડ સીમાંકન (અનામત બેઠકોની ફાળવણી સહિત) ના વોર્ડ નંબર/ વોર્ડના નામ મહદઅંશે સરખા વિસ્તારના હોય તો, તે નવા વોર્ડ સીમાંકન વખતે અનામત બેઠકોની ફાળવણી સમયે, અનામત બેઠકો પુનરાવર્તિત ન થાય, તે રોટેશન કરતી વખતે ધ્યાનમાં લેવાનું રહેશે. મતલબ કે નવા સીમાંકન બાદ જો વોર્ડ રચનામાં આંતરિક ફેરફાર થતા હોય તો તે ધ્યાને લેવાના રહેશે નહિ. તે મુજબ હદમાં ફેરફાર થયેલ નગરપાલિકાઓની હવે પછી યોજાનાર સામાન્ય ચૂંટણીઓ માટે કાયદા / નિયમોની જોગવાઈઓને અનુરૂપ વારાફરતી બેઠકો ફાળવણી કરવાની રહેશે.

(ખ) સને ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે શહેરી વિકાસ વિભાગ દ્વારા હદમાં ફેરફાર થવાના કારણે ઉમેરાયેલા વિસ્તાર માટે નગરપાલિકાના વોર્ડ સંખ્યા / અનામત બેઠકો સહિત નક્કી થયા મુજબ રાજ્ય ચૂંટણી આયોગે કરેલ વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની કરવાના થતાં ફાળવણીના આદેશોમાં અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક છેલ્લા સીમાંકનમાં ફાળવાયેલ હોય, તે પુનરાવર્તીત થતી હોય તો, તેના ઉતરતા ક્રમમાં ત્યાર પછીના ખાસ ક્રમાંકને બેઠક ફાળવણી અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠકો અને આ વર્ગની સ્ત્રીને બીજાક્રમે રાખીને બેઠક ફાળવવાની રહેશે.

(ગ) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ બેઠકોનું વારાફરતી ફાળવણી કર્યા બાદ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠક છેલ્લા સીમાંકનમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની વસ્તી માટે કરવામાં આવેલ સર્વે અને સર્વે મુજબ વોર્ડવાર નિયત થયેલ ટકાવારીના ક્રમ મુજબ બેઠક ફાળવાયેલ હોય તેની પછીના ક્રમમાં અને રાજ્ય ચૂંટણી આયોગના તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી નક્કી કરેલા માપદંડ અનુસાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગમાં સ્ત્રીને બીજા ક્રમે આપી બેઠક ફાળવવાની રહેશે.

શહેરી વિકાસ વિભાગના તા.૨૧-૦૬-૨૦૨૫ના જાહેરનામાથી નિયમ-૭માં થયેલ સુધારાની જોગવાઇ અને રાજ્ય ચૂંટણી આયોગના તા.૦૯/૦૯/૨૦૨૫ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાત વર્ગ તથા સ્ત્રીઓ માટે અનામત બેઠકો વારાફરતી ફાળવણી નીચે મુજબ કરવામાં આવે છે. વોર્ડ નં. ૬, ૫ અને ૧માં વર્ષ-૨૦૧૫ અને વર્ષ-૨૦૨૧ની સામાન્ય ચૂંટણી વખતે અનુસૂચિત જાતિની બેઠક ફાળવેલ હોય તે બેઠક પુનરાવર્તીત થતી હોય આ વોર્ડમાં બેઠક ફાળવવામાં આવેલ નથી. આથી અનુસૂચિત જાતિની બેઠકો નીચે મુજબ ફાળવવામાં આવે છે.

અનુસૂચિત જાતિ માટે ફાળવેલ બેઠકો

અ.નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	ફાળવેલ બેઠક
૧	૪	૪	અનુસૂચિત જાતિ
૨	૫	૭	અનુસૂચિત જાતિ સ્ત્રી
૩	૬	૩	અનુસૂચિત જાતિ
૪	૭	૮	અનુસૂચિત જાતિ સ્ત્રી

વોર્ડ નં. ૫ માં વર્ષ-૨૦૧૫ અને વર્ષ-૨૦૨૧ની સામાન્ય ચૂંટણી વખતે માં અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવેલ હોય તે બેઠક પુનરાવર્તીત થતી હોય આ વોર્ડમાં બેઠક ફાળવવામાં આવેલ નથી. આથી અનુસૂચિત આદિજાતિની બેઠકો નીચે મુજબ ફાળવવામાં આવે છે.

અનુસૂચિત આદિજાતિ માટે ફાળવેલ બેઠકો

અ.નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	ફાળવેલ બેઠક
૧	૨	૧	અનુસૂચિત આદિજાતિ
૨	૩	૬	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી

રાજ્ય ચૂંટણી આયોગના તા.૦૯/૦૯/૨૦૨૫ના આદેશ મુજબ પછાત વર્ગની બેઠકો નીચે મુજબ ફાળવવામાં આવે છે.

પછાતવર્ગની ફાળવેલ બેઠકો

અ.નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	ફાળવેલ બેઠક
૧	૫	૪	પછાતવર્ગ સ્ત્રી
૨	૬	૭	પછાતવર્ગ
૩	૭	૫	પછાતવર્ગ સ્ત્રી
૪	૮	૮	પછાતવર્ગ
૫	૯	૧૦	પછાતવર્ગ
૬	૧૦	૧૧	પછાતવર્ગ સ્ત્રી

અ.નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	ફાળવેલ બેઠક
૭	૧૧	૯	પછાતવર્ગ
૮	૧	૧	પછાતવર્ગ સ્ત્રી
૯	૨	૨	પછાતવર્ગ
૧૦	૩	૩	પછાતવર્ગ સ્ત્રી
૧૧	૪	૬	પછાતવર્ગ
૧૨	૯	૧૦	પછાતવર્ગ સ્ત્રી

૨૩. આ પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૪. સમગ્રત: તમામ પાસાઓનો અભ્યાસ કરીને **હિંમતનગર નગરપાલિકા**નું આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૫. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નક્કી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૬. અનુસૂચિ-૧માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નક્કી કરવામાં આવે છે અને અનુસૂચિ-૨માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિદ્ધ થયાની તારીખથી ૧૦ દિવસમાં રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નંબર-૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રીને આપવાની રહેશે. મુદત પુરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

રાજ્ય ચૂંટણી આયોગ **હિંમતનગર નગરપાલિકા**ના વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષા સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-હિંમતનગર-યુનીટ-૧-૨૦૨૫ તા.૨૬/૦૯/૨૦૨૫નું બિડાણ.

અનુસૂચિ-૧

હિંમતનગર નગરપાલિકા, જિલ્લો સાબરકાંઠા

વોર્ડ નં.૧

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ. જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
1	1	0	0	647	૧ થી ૧૫૮	ગુજરાતી શાળા સામે, ત્રિલોકનગર
	2	193	39	588	૧ થી ૧૩૯	કૈલાસપુરી, જુના આર.ડી.સી.બંગલા સામે, ઝરણેશ્વર સોસા. સામે, પશુ દવાખાનું, સિદ્ધાર્થનગર, ટેલીફોન સોસાયટી.

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ. જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
	3	433	40	610	૧ થી ૧૬૯	ટેલીફોન સોસા., વૈશાલી સોસા., સિદ્ધાર્થનગર, પરબડા રોડ.
	4	334	28	575	૧ થી ૧૨૬	સિદ્ધાર્થનગર, વિકસતી જાતી કલ્યાણ મંડળ છાત્રાલય, વાઘેલાવાસ, શકિતનગર, પરબડા રોડ, નારીકેન્દ્ર.
	5	88	76	412	૧ થી ૨૦૪	સરકારી કવાર્ટસ બાલમંદીર, સરકારી કવાર્ટસ પરબડા રોડ, સરકારી કવાર્ટસ સિદ્ધાર્થનગર સામે, ન્યાયાધીશ નિવાસ.
	6	5	27	627	૧ થી ૧૬૫	રાધે ગોવિંદ ફાર્મ, વાડી વિસ્તાર.
	7	4	34	632	૧ થી ૨૩૧	વાડી વિસ્તાર, સામ્રાજય દાલબાટી, કબ્રસ્તાન ઈડર રોડ, અન્નપુર્ણા સો મીલ, પ્રભાત ટીમ્બર માર્ટ, વિશ્વકર્મા કોમ્પ્લેક્ષ, નાગરીક બેંક પાછળ, આદર્શ સ્કૂલની સામે, લિમ્ચીયા માર્કેટ, ફોરેસ્ટ કોલોની લાયબ્રેરી સામે.
	8	6	72	712	૧ થી ૧૯૦	ખારવાવાસ, લાયબ્રેરી સામે, ખાડા વિસ્તાર બોર સામે અને કુવા પાસે, રબારીવાસ મંદીર પાછળ, ખાડા વિસ્તાર હાઈવે રોડ સામે, પરબ પાછળ,
	9	20	37	735	૧ થી ૧૭૨	ચામુંડાનગર, નદીનો ઢાળ વિસ્તાર, ફોરેસ્ટ કોલોની, આર.ડી.સી.સાહેબ બંગ્લોઝ, રામજી મંદીરની સામે, અયોધ્યાનગર, ફોરેસ્ટ કોલોની પાછળ, પાણીની ટાંકી સામે, કલેક્ટર સાહેબ બંગ્લોઝ, હરી ગુલાબ બાલમંદીર.
	10	35	62	664	૧ થી ૨૫૩	રામજીમંદીર, પાણીની ટાંકી સામેનો વિસ્તાર, ડી.ડી.ઓ સાહેબનો બંગ્લોઝ, લાયબ્રેરી પાસે, નાગરીક બેંક સામે, મોદી કોમ્પલેક્ષ પાછળ, પોસ્ટ ઓફીસ સામે, શુલભ શૌચાલય, ત્રિવેણી વિદ્યાલય પાછળ વડલા પાસે, વાઈટ હાઉસ ચારરસ્તા, ગાયત્રી મંદીર સામે, સીધી ચાલી, સરકારી કવાર્ટસ વિજાપુર રોડ, જકાત નાકા ગુજરાતી શાળા રોડ, જૈન દેરાસર પાછળ, રબારીવાસ ત્રિવેણી વિદ્યાલય પાછળ, હનુમાનજી મંદીર સામે.
	11	39	1	332	૧ થી ૮૧	અમનપાર્ક, અફઝલ-ઘોડા ફાર્મ, શક્તિનગર પાસે.
	45	0	6	571	૧ થી ૧૨૯	હસનનગર, વણઝારાવાસ.
	132	3	0	15	સ્પેશીયલ ચાર્જ	સ્પેશીયલ ચાર્જ
	133	0	1	18	સ્પેશીયલ ચાર્જ	સ્પેશીયલ ચાર્જ
	134	0	113	722	૧ થી ૧૯૫	કેન્દ્રીય વિદ્યાલયની પૂર્વ તરફની સમર્થ પાર્ક, બ્રહ્માણીનગર, નવરાત્રી ચોક, ગંગાપાર્ક.
	135	0	98	660	૧ થી ૧૮૦	બ્રહ્માણીનગર પ્રાથમિક શાળાની બાજુનો વિસ્તાર, બ્રહ્માણીનગર, દરજીવાડી.
	136	0	122	765	૧ થી ૧૮૫	કેશવપાર્ક, દ્વારકેશ સોસાયટી, વિષ્ણુનગર, જય અંબે સોસાયટી, ૧૦ દુકાનોનો આજુબાજુનો વિસ્તાર, શ્રીરામ પાર્ક.
	137	0	107	580	૧ થી ૧૯૦	મોમાઈ પાર્ક, અવધ પાર્ક, વિસતનગર, રામનગર, ચેહરકૃપા રોડ વિસ્તાર, વાઘેલાવાસની પ્રશ્ચિમ તરફનો વિસ્તાર.
	138	143	77	627	૧ થી ૧૩૦	સર્વે નં.૨૮૭ આવાસ યોજના વિસ્તાર, બાગરાજ રેસીડેન્સી, પરબડાથી મહેતાપુરા જતા રોડની પૂર્વ/પશ્ચિમ વિસ્તાર.
કુલ	**1303**	**940**	**10492**			

વોર્ડ નં.૧ની હદનું વર્ણનઃ- વાયવ્ય ખૂણેથી સર્વે નં.૫૬ તેમજ ૫૮ની હદે હદે રેલ્વે લાઈન સુધી રેલ્વે લાઈનને લગોલગ વાઘેલાવાસ તેમજ સર્વે નં.૬૩, ૬૫, ૬૬, ૬૭ની હદે થઈ ઘાંણઘા ફાટક સુધી તેમજ સર્વે નં.૨૨ અને ૭ની હદે થઈ સર્વે નં.૫૩૫ના ખૂણા સુધી તેમજ સર્વે નં.૫૩૨ના ખૂણા સુધી હાથમતી નદીને લગોલગ પૂર્વ તરફની હદે થઈ સર્વે નં.૧૧૧ના ખૂણે હાથમતી નદીને લગોલગ દક્ષિણ તરફ તબેલા વિસ્તારના હાથમતી બ્રીજ સુધી તેમજ જુમ્મા મસ્કદ મસ્જિદની ઉત્તર તરફની હદે થઈ પરબડા જતા રોડ ઉપર થઈ હસનનગર વણજારાવાસના ખૂણેથી હાથમતી નદી ક્રોસ કરી શક્તિનગર, સર્વે નં.૨૮૫ના ખૂણે સુધી તેમજ સર્વે નં.૨૮૭માં થઈ સર્વે નં.૨૭૨ની ઉત્તર તરફ તેમજ પશ્ચિમ તરફની બ્રાઉન્ડ્રી થઈ સર્વે નં.૨૭૩ અને ૨૭૪ની દક્ષિણ તરફની બ્રાઉન્ડ્રી થઈ તેમજ સર્વે નં.૨૭૪ની પશ્ચિમ તરફની બ્રાઉન્ડ્રી થઈ નગરપાલિકા વિસ્તારની પશ્ચિમ તરફની હદને લગોલગ સર્વે નં. ૨૭૯ની બ્રાઉન્ડ્રી થઈ અમનપાર્ક તેમજ સર્વે નં.૨૮૧ થઈ અફઝલપાર્કની ઉત્તર તરફ થઈ સર્વે નં.૨૮૮ના ખૂણે થઈ ઘોડાફાર્મના ખૂણે થી ઘોડાફાર્મની ઉત્તરની હદની લગોલગ વિજાપુર હાઈવેને ક્રોસ કરી સર્વે નં. ૯૮, ૯૯, ૧૦૦, ૯૩ની પશ્ચિમ તરફની હદને લગોલગ બ્રહ્માણીનગર વિસ્તાર તેમજ સર્વે નં. ૯૦, ૭૭ પૈકી, ૭૮ પૈકીની પશ્ચિમ તરફની હદને લગોલગ અમરપાર્ક થઈ સર્વે નં. ૭૬ના ખૂણે સુધી સર્વે નં.૭૬ની દક્ષિણ તેમજ પશ્ચિમ તરફની હદે હદે સર્વે નં.૫૭ અને ૫૬ની પશ્ચિમ તરફની હદ સુધી તેમાં સમાવિષ્ટ થતા તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
2	15	0	0	490	૧ થી ૧૪૯	કૈલાદેવી પાર્ક છેલ્લી લાઈન, કૈલાદેવી પાર્ક પ્રથમ લાઈન કોર્નર, શાહ કેમીકલ, કૈલાદેવી ફલોર છ-એ, વિશ્વકર્મા સોસા. રબારીવાસ.
	18	0	0	513	૧ થી ૨૧૩	યશવી ફલેટ પાસે જ્યોતિ લોન્ડ્રી સામે, યશવી ફલેટ વિભાગ, કુન્દ કુન્દ, કહાનનગર, મહાવીરનગર સોસા., ગોપી દાબેલીવાળા પાસે, કૈલાસ કિરાણા પાસે, મહાલક્ષ્મી કિરાણા પાસે.
	20	54	0	580	૧ થી ૨૫૫	શાલીભદ્ર-એ ફલેટ પંચદેવ મંદીર અંબાજી માતાના રોડ, શાલીભદ્ર-બી, કે.ડી.કોમ્પ્લેક્ષ, યુવા ચેતના સંસ્થા, ખેડ તસીયા રોડ, હિંમતનગર સિંચાઈ કોલોની, શ્રી અંબિકા લાટી, ન્યુ એજયુકેશન સ્કૂલની પાસે, શ્યામ સોસા., વૈભવ સોસા., આસોપાલવ, સુગમ પાર્ક, દિવ્ય-એ.
	21	0	0	596	૧ થી ૨૨૧	સામવેદ કોમ્પ્લેક્ષ, સ્વસ્તિક સોસા., અંકુર સોસા., સ્નેહલ સોસા., ઋષિકેશ સોસા., રિલાયન્સ મોલ બાજુમાં, પાણીની ટાંકી પાસે, ફાટક પાસે, ગંગોત્રી સોસાયટી.
	25	0	134	703	૧ થી ૧૩૫	કેનાલ બંગલાની પાસે, મધુનગર, નવી માય ઓન હાઈસ્કૂલ સામે, મધુનગર કેનાલ ઉપર, હનુમાન મંદીરની બાજુ કેનાલ ઉપર.
	26	0	48	640	૧ થી ૧૮૦	કેનાલ ઉપર આંબાના ઝાડ પાસે, પે એન્ડ યુઝ સામે, મધુનગર પે એન્ડ યુઝ સામે, ઉદેપુર રેલ્વે ફાટક પાસે મધુનગર, ખેડબ્રહ્મા રેલ્વે ફાટક પાસે.
	27	14	14	639	૧ થી ૧૯૩	સહકાર હોલની સામે મધુનગર, સરકારી કવાર્ટર્સ, સહકાર હોલ પાસે, વાઘેલાવાસ, સહકાર હોલ પાછળ, દેવીપૂજકવાસ.
	35	0	0	457	૧ થી ૧૧૮	સલાટવાસ.
	36	0	15	580	૧ થી ૧૨૯	સલાટવાસ, શિવમ સોસા.પાછળ, સીમનાની સ્ટ્રીટ, આસીફ સોસા., અલીફ સ્ટ્રીટ.

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
	38	0	10	628	૧ થી ૧૬૪	જીવન જયોત સોસા., રોશન સ્ટ્રીટ, કૃષ્ણ પ્રસાદ પંડ્યા બાલમંદીરની લાઈન, અલકાપુરી પોલોગ્રાઉન્ડ, કુવાની પાછળ પોલોગ્રાઉન્ડ, ભાગ્યોદય સોસા., અંબર રોડ, જૈન દેરાસર રોડ, શાંકુન્તલ સોસાયટી.
	39	0	0	624	૧ થી ૧૬૧	અલકાપુરી ચારરસ્તા, જૈન દેરાસરની સામેની લાઈન, જલારામ માર્કેટની સામે, માણેક કૃપા સ્કૂલની સામે, ઉદય બંગલાની સામે, વિશ્વ હિન્દુ પરિષદ કાર્યાલયની સામે, રૂષભદેવ સોસાયટી.
	40	46	0	515	૧ થી ૧૪૨	પેરેમાઉન્ટની સામે, વિશ્વ પરિષદની બાજુમાં, કેશર વિલાસ, અંબર રોડ.
	41	1	14	595	૧ થી ૧૪૮	અંબર રોડ.
	42	3	0	601	૧ થી ૧૨૮	રાજેન્દ્રબાગ, પંચદેવ મંદીર પાસે, તબેલાની સામે.
	43	0	0	649	૧ થી ૧૬૯	રાજેન્દ્રબાગ, ભાજપ કાર્યાલયની પાછળ, પેરેમાઉન્ટની લાઈનમાં, હસન શહીદ દરગાહની સામે, જુમ્માહ મસ્જિદની પાસે.
	54	0	2	648	૧ થી ૧૧૪	અલીફ મસ્જિદની સામે, ર્ડા.ચાંદનીવાલાની સામે, ગુલીસ્તા સોસા., આશીયાના સોસા., માય ઓન હાઈસ્કૂલ, અલીફ મસ્જિદની પાછળ.
	67	0	5	624	૧ થી ૧૯૧	બગીચા વિસ્તાર, પદમાવતી કોમ્પલેક્ષ, પીડબલ્યુડી કવાર્ટર્સ, સ્વામિનારાયણ મંદીર, મેમણ કોલોની, માય ઓન હાઈસ્કૂલ.
કુલ		**118**	**242**	**10082**		

વોર્ડ નંબર-૨ની હદનું વર્ણનઃ- વાયવ્ય ખૂણેથી સર્વે નં.૧૧૩ની ઉત્તર તરફની હદે થઈ દક્ષિણ તરફે સર્વે નં.૧૧૩ની પૂર્વ તરફ સર્વે નં.૯૨ના ખૂણે સુધી સર્વે નં.૧૨૧ના ખૂણેથી સર્વે નં.૧૧૨ની પશ્ચિમ તરફની હદને લગોલગ સર્વે નં.૧૦૫ સુધી તેમજ સર્વે નં.૧૦૪, ૧૦૩, ૧૦૨, ૧૧૭/પીની પશ્ચિમ તરફની હદે રેલ્વે સુધી પ્રેરણા પાર્ક થઈ રેલ્વે લાઈનને લગોલગ ગોકુલનગર ફાટક સુધી ફાટકથી સ્નેહલ સોસાયટી, અંકુર સોસાયટી, સ્વસ્તિક સોસાયટીની પૂર્વ તરફ થઈ દક્ષિણ તરફના રોડને લગોલગ સોનલ પાર્કની દક્ષિણ તરફ કૈલાદેવી પાર્કની હદે હદે રોયલ પાર્કની પશ્ચિમ તરફ સાહેબના બંગ્લા સુધી તેની સામે પશ્ચિમ તરફ જતા રોડને લગોલગ પંચદેવ મંદીર થઈ શોપીંગ સેન્ટરના ખૂણા સુધી તેમજ ખરીદ વેચાણ સંઘ થઈ પદમાવતી સ્કૂલ થઈ સ્વામિનારાયણ મંદીર થઈ માચીસ ફેકટરી, ન્યુ માય ઓન હાઈસ્કૂલના ખૂણે મુસ્તુફા મસ્જિદના ખૂણે સુધી મદીના મસ્જિદથી હનુમાનજી કેમ્પથી પશ્ચિમે રોડને લગોલગ અલીફ મસ્જિદ થઈ એલ.આઈ.સી.ઓફીસના ખૂણે ઈડર હાઈવે ક્રોસ કરી ઈડર તરફ જતાં રોડને લગોલગ હાથમતી નદીના કિનારા સુધી તેમજ તેની પૂર્વે તબેલા વિસ્તારની ઉત્તર તરફની હદને લગોલગ કેસર વિલાસની ઉત્તર તરફે થઈ રેલ્વે ક્રોસ કરી સર્વે નં.૧૧૩ના ઉત્તર-પશ્ચિમ ખૂણેથી હાથમતી નદીને લગોલગ સર્વે નં.૧૧૩ની પૂર્વ તરફની હદ સુધીનો સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૩

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
3	37	0	0	474	૧ થી ૧૩૩	શિવમ સોસા., કિષ્ણાનગર સોસા., માય ઓન હાઈસ્કૂલ પાછળ, કેસર વિલાસ, માય ઓન હાઈસ્કૂલ સામે, કૈલાસનગર, કિષ્ણા સોસા., એલ.આઈ.સી.ની પાછળ, અંબર ટોકીઝની સામે, એલ.આઈ.સી.સામે.
	44	0	92	691	૧ થી ૧૧૩	જુમ્માહ મસ્જિદની પાસે, હસનનગર.
	46	0	0	746	૧ થી ૧૫૮	વણઝારાવાસ પેલેસ પાસે, મરકજ મસ્જિદની લાઈનમાં, હસનનગર.
	47	0	0	604	૧ થી ૧૧૯	રંજા મસ્જિદની સામે, ખાટકીવાસ, મેમણ કોલોની, હસનનગર, અલમહેદી પાર્ક.
	48	0	9	253	૧ થી ૧૬૩	મઝા સોસા., હસનનગર પેલેસ પાસે.
	49	0	0	695	૧ થી ૧૪૯	મદીના મસ્જિદ રોડ, સફરી સ્ટ્રીટ.
	50	0	0	641	૧ થી ૧૨૦	સફરી સ્ટ્રીટ, ઈરાની સ્ટ્રીટ, મદીના મસ્જિદની પાછળ, સર્વોદય બેંકની લાઈન, મુસ્તુફા મસ્જિદની પાછળ.
	51	0	0	1324	૧ થી ૧૪૪	શહેનાજ કોમ્પ્લેક્ષ, મુસ્તુફા મસ્જિદની સામેનો ભાગ, અંજુમન સ્ટ્રીટ, સુનહરી સ્ટ્રીટ.
	52	0	0	591	૧ થી ૧૩૯	સર્વોદય સોસા.ની સામે, તયબાદ સ્ટ્રીટ, મુસ્તુફા મસ્જિદ રોડ, ગુલાબ સોસાયટી.
	53	0	0	681	૧ થી ૧૩૦	કમલકુંજ સોસા., મદીના મસ્જિદ રોડ, સર્વોદય સોસા.ની સામે, મુસ્તુફા મસ્જિદ રોડ, અલીફ મસ્જિદની સામેનો રોડ, વડાલી સ્ટ્રીટ.
	55	0	0	718	૧ થી ૧૩૭	લીમડાની ફળી, ભુરીયાની ફળી, છીપાની ફળી, નવી મોહલત, હસનજિ.
	56	0	5	650	૧ થી ૧૩૨	મોટી વહોરવાડ, નવી મોહલત, છીપાની ફળી, ડોઈની ફળી.
	57	0	0	629	૧ થી ૧૨૬	મોટી વહોરવાડ, શેઠની ફળી, રાણાવડીયાની ફળી, હાજીની ફળી, અડલાની ફળી.
	139	174	97	535	૧ થી ૧૨૫	પરબડા ગ્રામ પંચાયત તથા પ્રાથમિક શાળાની આજુબાજુનો વિસ્તાર.
	140	168	95	656	૧ થી ૧૫૫	પરબડા મહારાષ્ટ્ર બેંકની આજુબાજુનો વિસ્તાર.
	142	161	62	605	૧ થી ૧૭૮	મસ્જિદે મુસ્તજાબ વિસ્તાર પરબડા, ચિશ્તિયાનગરનો અમુકભાગ.
કુલ		**503**	**360**	**10493**		

વોર્ડ નંબર-૩ની હદનું વર્ણનઃ- વાયવ્ય ખૂણેથી સર્વે નં.૨૭૪ તથા ૨૭૩ની દક્ષિણ તરફ તથા પૂર્વ તરફ થઈ સર્વે નં.૨૭૨ પૈકીની હદે સર્વે નં.૨૮૭ની પૂર્વ તરફ થઈ હાથમતી નદી સુધી પરબડા જતાં રોડ થઈ હાથમતી નદી ક્રોસ કરી વણજારાવાસ આવાસ યોજનાની દક્ષિણ તરફે તેમજ તેની પૂર્વે તરફે હાથમતી નદીના જુમા મસ્જિદ થઈ હાથમતી બ્રીજ સુધી ઈડર હાઈવેને લગોલગ તબેલા વિસ્તારના ખૂણે ઈડર જતાં રોડની પશ્ચિમ તરફ લગોલગ ઈડર હાઈવે ક્રોસ કરી એલ.આઈ.સી.ઓફીસ સુધી અલીફ મસ્જિદ થઈ હનુમાનજી મંદીર સુધી મુસ્તુફા મસ્જિદની પશ્ચિમ તરફના વિસ્તાર સુધી તેમજ ન્યુ માય ઓન હાઈસ્કૂલના ખૂણે તેમજ સ્વામિનારાયણ મંદીરના ખૂણે સુધી દીપ હોસ્ટેલ થઈ મોટી વ્હોરવાડની હદની પૂર્વ

તરફ થઈ દરગાહ સુધી હાજીપુરા વિસ્તાર થઈ જિ.ઈ.બી. પાવર હાઉસ થઈ ડી.એસ.પી ઓફીસની પૂર્વ તેમજ ઉત્તર તરફની હદે થઈ યશદીપ હોસ્પિટલ થઈ ચાંદની મસ્જિદ થઈ ચાંદનગર આંગણવાડી થઈ હાથમતી નદી ક્રોસ કરી ગામતળના ખુણા સુધી તેમજ ગામતળનો અમુક ભાગ એટલે કે પશ્ચિમ તરફનો તેમજ સર્વે નં.૨૬૧ની પશ્ચિમ તરફ થઈ સર્વે નં.૨૭૦ થઈ સર્વે નં.૩૦૬ની પશ્ચિમ તરફની હદે હદે સર્વે નં.૨૭૪ના ખૂણા સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૪

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
4	28	0	0	745	૧ થી ૧૮૨	સહકાર હોલ સામે ખત્રી ચાલી, સહકાર હોલ સામે, આંબાવાડી, કંચન લક્ષ્મી બિલ્ડીંગ, આંબાવાડી.
	29	189	61	607	૧ થી ૨૫૮	આંબાવાડી, કચ્છી સમાજવાડી લાટી, આંબાવાડી પોલીસ લાઈન પુલ સામે.
	30	3	56	735	૧ થી ૧૭૫	મહાકાળી મંદીર રોડ કેનાલ પટ્ટી શક્તિનગર.
	31	24	33	863	૧ થી ૨૩૪	મહાકાળી મંદીર રોડ શક્તિનગર, આશ્રય કોમ્પ્લેક્ષ, જિલ્લા પંચાયત પાસે, શક્તિનગર.
	32	62	20	414	૧ થી ૧૦૪૨	જિલ્લા પંચાયત ક્વાર્ટસ શક્તિનગર, દુર્ગા ઓઈલ મીલ વી-કુમાર પાછળ, દુર્ગા ઓઈલ મીલ પાસે દરગાહમાં, બળેલી મીલ કબ્રસ્તાન સામે, બળેલી મીલ અંદર, પી.ડબલ્યુ.ડી. ક્વાર્ટસ, બળેલી મીલ, સર્જન રો હાઉસ.
	58	0	0	732	૧ થી ૧૪૦	નાની વહોરવાડ, પરાની ફળી, જવાસીયાની ફળી, નગીના મસ્જિદ, દેવલાની પોલ, મોટી મસ્જિદની પાછળ.
	59	0	0	379	૧ થી ૬૭	ઉકરડાની સ્ટ્રીટ, નવાઘરાની ફળી, પરાની ફળી.
	60	0	6	821	૧ થી ૧૬૮	ચાંદનગર સાબરગેસ પાછળ.
	61	0	0	601	૧ થી ૧૨૫	ચાંદનગર સાબરગેસ પાછળ.
	62	198	188	794	૧ થી ૨૧૩	પોલીસ કવાટર્સ સા.કાં.જિલ્લા પોલીસ સ્ટેશન.
	63	5	0	686	૧ થી ૪૨૦	આર એન્ડ બી કવાટર્સ સબજેલ સામે, ફોરેસ્ટના બંગલા પાછળ, અરુણ પરીખના દવાખાના પાસે, ખાડીયા ચારરસ્તા પાસે, દેસાઈવાડા જુના બજાર, દરગાહ પાસે જુના બજાર, મહારાણીના નોરામાં જુના બજાર, મહારાષ્ટ્ર બેંક પાછળ, જુના બજાર, જુના બજાર ધોબીની ગલી.
	64	44	27	542	૧ થી ૩૩૮	ભવાની શોપીંગ સેન્ટર મહારાષ્ટ્ર બેંકની પાછળ, બી.કે.આંગડીયા નવા બજાર જુની સ્ટેટ બેંક સામે, પરબડી પાસે, ડી.નલીનકાંન્ત ગાંધી રોડ, લક્ષ્મીનારાયણ મંદીર, મહામંદીર પાસે ખાડીયા, વખારીયાવાડ નલીનકાંન્ત ગાંધી રોડ, ડી.ચંપકભાઈના દવાખાના સામે, મહામંદીર પાસે, પોસ્ટ ઓફીસ સામે.

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
	65	2	0	533	૧ થી ૩૪૩	નવા બજાર નાગરિક બેંક પાછળ, વાવ પાસે, સિનેમા રોડ, મહારાણીના નોરામાં, ટાવર પાસે, બગીચા વિસ્તાર, શિલ્પા સોસા., સરયુપાર્ક સોસા., આશિષ સોસા., સ્વામિનારાયણ મંદીર.
	66	157	15	694	૧ થી ૩૪૧	મોદી ગલી બગીચા વિસ્તાર, ગીતા ભુવન, બગીચા વિસ્તાર પાવનધારા બાજુમાં, દરગાહ પાસે, દીપ હોસ્ટેલ બાજુમાં, માંડવળી પાસે.
